વેચાણ દસ્તાવેજ
અવેજ રૂા. ..../– પુરાનો.
અંકે રૂપિયા .... પુરાનો.

સંવત ૨૦૭૩ ના .... ને, વારઃ .... ,તારીખઃ ...., માહેઃ ...., સને ૨૦૧૭ નાં અંગ્રેજી દિને.

<u>આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને કે પહેલા પક્ષના :–</u>

મે. કલ્પ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી, (PAN: AAIFK 1557 C)

ઠેકાણું: માધવ વિલા, ન્યુ ક્રોસ રોડ, કોસાડ, સુરત.

તરફે અને વતી વહીવટકર્તા ભાગીદાર :-

જીતુભાઈ નથુભાઈ વાઘાણી, ઉ.આ.વ.: ૪૧, ઠેકાણુ: એ/૨-૧૦૩, માધવ વિલા રેસીડેન્સી, સંસ્કાર રેસીડેન્સીની બાજુમાં, ન્યુ ક્રોસ રોડ, કોસાડ, સુરતના

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં પહેલા પક્ષના અથવા અમો અથવા વેચાણ આપનારા અથવા પ્રમોટર તરીકે સંબોધવામાં આવેલ છે. જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં વેચાણથી આપનાર પેઢીના ભાગીદારો પોતે તથા વખતો વખતના હોદેદાર, ટ્રાન્સફરીઓ, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ તથા સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

<u>આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને કે બીજા પક્ષના :–</u>

શ્રી ....,
જાતનાઃ હિન્દુ, ઉં.આ.વ.: ...., ધંધોઃ ....,
રહેવાસી :–

(જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજના લેખમાં બીજા પક્ષના અથવા તમો અથવા વેચાણ રાખનાર અથવા તમો અથવા એલોટી એ રીતે સંબોધવામાં આવેલ છે. જેઓના સંપૂર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યાં તમો બીજા પક્ષના જાતે પોતે તથા તમારા વંશવાલી, વારસો, ટ્રાન્સફરીઓ, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ તથા સકસેસર્સ ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

જત આ વેચાણ દસ્તાવેજથી અમો પહેલા પક્ષના, તમો બીજા પક્ષનાને લખી આપી જણાવીએ છીએ કે,

(૧) સુરત ડિસ્ટ્રીકટ, અડાજણ સબ-ડિસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે **કોસાડ**ના રે.સર્વે નંબર : ૫૫૦/૩+૪+૫+૬, બ્લોક નં.: ૯૭૪/પૈકી ૧ થી નોંધાયેલી બીનખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ ૫૫૬૩.૦૦ ચો.મી. છે. જે જમીનનો **ટી.પી.સ્કીમ નં. ૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉતરાણ)** માં સમાવેશ થતાં **એફ.પી.નં. ૨૬૬** ફાળવી, ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૦૬૩ ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે બીનખેતીની જમીનમાં આયોજીત **"માધવ વિલા"** નામની પ્રયોજનામાં (હવે પછી અહીં જેનો ઉલ્લેખ **"મકાન"** અથવા **"પ્રોજેકટ"** તરીકે કરવામાં આવેલ છે) મંજુર પ્લાન મુજબનાં .... બિલ્ડીંગનાં .... વિંગમાં .... **માળ** ઉપર આવેલ **ફલેટ નં. ....** વાળી મિલકત (હવે પછી અહીં જેનો ઉલ્લેખ **"એપાર્ટમેન્ટ"** અથવા **"ફલેટ"** અથવા **"યુનિટ"** તરીકે કરવામાં આવેલ છે.) કે જેનું કાર્પેટ ક્ષેત્રફળ .... ચો.ફુટ યાને .... ચો.મી. છે યાને જેનું **બીલ્ટઅપ ક્ષેત્રફળ** .... ચો.ફુટ યાને **......... ચો.મી.** છે. તે ફલેટવાળી મિલકત તથા ઈમારતની તળની જમીનમાં ફાળે પડતી વણ-વહેંચાયેલા અવિભાજય હિસ્સાની જમીન જણાવેલ શરતોને આધીન તથા રાસુકી સગવડો સહિતની મિલકત કે જેનું વિગતવાર વર્ણન આ વેચાણ દસ્તાવેજમાં નીચે **"પરિશિષ્ટ"** માં દર્શાવવામા આવેલ છે તે ફલેટ અમો પહેલા પક્ષનાએ તમો બીજા પક્ષનાને **ઉચ્ચક રૂ..................**/– **(અંકે રૂપિયા .... પુરા)** ના કિંમતી અને સંપૂર્ણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ, અને જે અંગે આપણે પક્ષકારો વચ્ચે તારીખ :– .... ના રોજ લેખિત વેચાણ કરાર કરવામાં આવેલ છે. જે વેચાણ કરાર મહેરબાન સુરતના સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નંબર : .... થી તારીખઃ– .... ના રોજ નોંધાયેલ છે તે કરારની શરતોનું અમો પહેલા પક્ષના ધ્વારા સંપૂર્ણપણે પાલન થયેલ છે તેમજ તમો ખરીદનારાએ તથા તમારા પછીના ખરીદનારાએ ઉપરોકત કરારનું તમામ શરતો સહીત સંપૂર્ણ પાલન કરવાનુ છે તેમજ તમો ખરીદનારાએ વેચાણ અવેજના સંપૂર્ણ નાણાં અમો પહેલા પક્ષનાને નીચે જણાવેલ વિગતે ચુકવી આપ્યા છે.

નાણાં મળ્યાની વિગત

અ. નં.	**વિગત**	**ચેક નંબર**	**તારીખ**	**રકમ રૂ.**
૧.				

<u>દસ્તાવેજનો પ્રકાર</u>	<u>ફલેટ નંબર</u>	<u>બિલ્ડીગનું નામ</u>	<u>કાર્પેટ ક્ષેત્રફળ</u>	<u>બ્લોક નંબર</u>	<u>ટી.પી.સ્કીમ નંબર</u>	<u>ફા. પ્લોટ નંબર</u>	<u>ગામ/તાલુકો</u>	<u>જીલ્લો</u>
<u>વેચાણ</u>		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

અ. નં.	વિગત	ચેક નંબર	તારીખ	રકમ રૂા.
૨.				
૩.				

અમો પહેલા પક્ષનાને ઉપરોકત જણાવેલ વિગતે વેચાણ અવેજની સંપૂર્ણ રકમ મળી ગયેલ છે જેની અમો પહેલા પક્ષના પહોંચ સ્વીકારીએ છીએ. જેથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ ફલેટનો વેચાણ અવેજ નથી મળ્યો કે ઓછો મળ્યો છે તેવી તર–તકરાર અમો પહેલા પક્ષનાએ કે અમારા ભાગીદારોએ કે અમારા વંશ, વાલી, વારસોએ કરવા–કરાવવાની નથી અને કરીએ–કરાવીએ તો તે આ લેખથી રદબાતલ થાય સહી અને ગણાશે સહી.

(૨) આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ ફલેટના ટાઈટલ પહેલા પક્ષનાના વકીલ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ હકક પ્રમાણપત્ર (સર્ટીફીકેટ ઓફ ટાઈટલ) મુજબ ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ છે જેની ચકાસણી પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને વેચાણ કરાર સમયે કરાવેલ છે જેની નકલો બીજા પક્ષનાને આપવામાં આવેલ છે જેનાથી બીજા પક્ષનાને સંતુષ્ટ થયેલ છે તે મુજબના ટાઈટલથી સદરહું ફલેટ વેચાણ આપી આ વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવેલ છે.

સદરહું માધવ વિલા પ્રયોજના વાળી રે.સર્વે નંબર : ૫૫૦/૩+૪+૫+૬, બ્લોક નં. ૯૭૪/પૈકી ૧ થી નોંધાયેલી જમીનના માલીકો હેમલતાબેન ગીરીશભાઈ વિગેરેઓ પાસેથી સદરહું જમીન (૧) જીતુભાઈ નથુભાઈ વાઘાણી, (૨) કિરીટભાઈ નથુભાઈ વાઘાણી, (૩) વિપુલભાઈ નથુભાઈ વાઘાણી, (૪) બાબુભાઈ તળશીભાઈ અણઘણ તથા (૫) નાથુભાઈ હરીભાઈ વાઘાણીએ વેચાણથી રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનું.નં. ૧૮૮૬ થી તા. ૧૦-૦૩-૨૦૦૪ નાં રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે ગામ નમુના નં. ૬ હકકપત્રકમાં ફેરફાર નોંધ નં. ૯૪૭૨ થી તા. ૧૨-૦૫-૨૦૦૪ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ તા. ૧૬-૦૬-૨૦૦૪ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીનના માલીકો જીતુભાઈ નથુભાઈ વાઘાણી વિગેરેઓ પૈકી બાબુભાઈ તળશીભાઈ અણઘણએ પોતાના હિસ્સાની ૧૧૧૨.૬૦ ચો.મી. જમીન જીતુભાઈ નથુભાઈ વાઘાણી, કિરીટભાઈ નથુભાઈ વાઘાણી, વિપુલભાઈ નથુભાઈ વાઘાણી તથા નથુભાઈ હરીભાઈ વાઘાણીને વેચાણથી આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં અનું.નં. ૫૧૬૧ થી તા. ૧૯-૦૪-૨૦૦૬ નાં રોજ નોંધાયેલ છે. જે

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે ગામ નમુના નં. ૬ હકકપત્રકમાં ફેરફાર નોંધ નં. ૯૮૮૧ થી તા. ૧૦-૦૫-૨૦૦૬ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ અરજી, સોગંદનામા, ઈન્ડેક્ષની નકલ, રજી. વેચાણ દસ્તાવેજની નકલ, નોટીસથી ખાત્રી કરી તા. ૦૧-૦૭-૨૦૦૬ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ, સદરહું જમીનના માલીકો જીતુભાઈ નથુભાઈ વાઘાણી, કિરીટભાઈ નથુભાઈ વાઘાણી, વિપુલભાઈ નથુભાઈ વાઘાણી તથા નથુભાઈ હરીભાઈ વાઘાણીઓએ રીટાબેન વિપુલભાઈ વાઘાણી, રેખાબેન જીતુભાઈ વાઘાણી તથા અસ્મિતાબેન કિરીટભાઈ વાઘાણી સાથે મળી તારીખ: ૦૧-૦૬-૨૦૦૬ નાં રોજ મે. કલ્પ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી બનાવેલ. જે અંગેનો ભાગીદારી દસ્તાવેજ તા. ૩૦-૦૬-૨૦૦૬ નાં રોજ થયેલ તેમજ જીતુભાઈ નથુભાઈ વાઘાણી, કિરીટભાઈ નથુભાઈ વાઘાણી, વિપુલભાઈ નથુભાઈ વાઘાણી તથા નથુભાઈ હરીભાઈ વાઘાણીઓએ સદરહું જમીન ભાગીદારી પેઢીમાં ભાગીદારીના કાયદા ૧૯૬૨ ની કલમ ૧૪ મુજબ મુડી તરીકે સોપેલ તથા ભાગીદારીની શરતોમાં ફેરફાર થતો હોવાથી તેમજ ટાઈટલમાં ખામી ન રહે તે હેતુથી મહત્તમ સ્ટેમ્પ વાપરીને ભાગીદારી ફેરફારનો દસ્તાવેજ તારીખ: ૧૦-૦૫-૨૦૧૨ નાં રોજ કરવામાં આવેલ. ત્યારબાદ, તા. ૧૦-૦૭-૨૦૧૨ નાં રોજ ભાગીદારી ફેરફારનો દસ્તાવેજ કરવામાં આવેલ. તે રીતે, સદરહું જમીનના **મે. કલ્પ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી** યાને તમો પહેલા પક્ષના કુલ એકલા, સંપુર્ણ અને સ્વતંત્ર માલિક-મુખત્યાર, વહીવટદાર અને કબજેદાર થયેલ છે. સદરહું મે. કલ્પ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢીનું નામ રેવન્યુ રેકર્ડ દફતરે દાખલ કરવા અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે ગામ નમુના નં.૬ હકક પત્રકમાં ફેરફાર નોંધ નં. ૧૦૯૦૬ થી તા. ૦૮-૦૬-૨૦૧૨ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ અરજી, રજીસ્ટ્રાર ઓફ ફેર્મ્સની નકલ, ભાગીદારી દસ્તાવેજની નકલથી ખાત્રી કરી તા. ૨૮-૦૯-૨૦૧૨ ના રોજ પ્રમાણિત કરવામાં આવેલ છે.

સદરહું રે.સર્વે નંબર : ૫૫૦/૩+૪+૫+૬, બ્લોક નં.: ૯૭૪/પૈકી ૧ થી નોંધાયેલી જમીનનો ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉતરાણ) માં સમાવેશ થતાં એફ.પી.નં. ૨૬૬ ફાળવી, ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૦૬૩ ચો.મી. ફાળવવામાં આવેલ. તે બીનખેતીની જમીનના મે. કલ્પ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી યાને તમો પહેલા પક્ષના માલિક-મુખત્યાર, કબજેદાર, વહીવટદાર, ભોગવટેદાર થયેલ છે અને ચાલી આવેલ છે.

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

સદરહું જમીન અંગે બીનખેતીની પરવાનગી મે. કલેકટર સાહેબશ્રી સુરતનાએ હુકમ નં. (જે)બખ/તપસ/વશી/૩૪૩૭ રજી.નં. ૯૩૬ થી તા. ૯૪૦/૦૫-૦૬ થી તા. ૦૬-૦૬-૨૦૦૬ નાં રોજથી આપવામાં આવેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ દફતરે ગામ નમુના નં. ૬ હકકપત્રકમાં ફેરફાર નોંધ નં. ૯૯૦૨ થી તા. ૧૮-૦૭-૨૦૦૬ નાં રોજ કરવામાં આવેલ. જે નોંધ તા. ૨૬-૦૯-૨૦૦૬ નાં રોજ પ્રમાણીત કરવામાં આવેલ.

સદરહુ બીનખેતીની જમીન પર તૈયાર કરવામાં આવેલ બાંધકામ અંગેના પ્લાનો, સુરત મ્યુનીસીપલ કોર્પોરેશનએ મંજુર કરીને, બાંધકામ પરવાનગી રજાચિઠ્ઠી નંબર : એન.ઝેડ.આઉટ નં. ૭૩, તા. ૩૦-૧૨-૨૦૦૮ થી આપેલ છે.

પહેલા પક્ષનાએ મજકુર પ્રોજેકટની નોંધણી ધી રીયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) અધિનિયમ–૨૦૧૬ હેઠળ ધરાવેલ છે અને તે અંગે ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીએ રજીસ્ટ્રેશન નંબર : ...., તારીખઃ– .... આપેલ છે.

ઉપરોકત મુજબના ટાઈટલવાળી જમીનમાં જરૂરી એવી તમામ પરવાનગી મેળવીને અમો પહેલા પક્ષનાએ મંજુર થયેલ પ્લાન મુજબ **‘‘માધવ વિલા’’** નામે બિલ્ડીગનું બાંધકામ કરેલ છે.

‘‘માધવ વિલા’’ નામના મકાનના પ્લાનો મંજુર કરાવતી વખતેથી આજદિન સુધી યાને કે તમો બીજા પક્ષનાને ફલેટનો કબજો સુપ્રત કર્યા પછી સુરત મહાનગરપાલીકા ધ્વારા નકકી કરેલ તમામ શરતો અને નિયંત્રણોનું પાલન કરીને પહેલા પક્ષનાએ વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવેલ છે/ મેળવનાર છીએ.

પ્રોજેકટની જમીન ઉપર સુરત મહાનગરપાલીકા ધ્વારા મંજુર કરેલા પ્લાન મુજબ **ગ્રાઉન્ડ ફલોર પર પાર્કિંગ તથા તેના પર ૧ થી ૫ માળ** ધરાવતા મકાનનું બાંધકામ પહેલા પક્ષનાએ કરેલ છે. અન તે બિલ્ડીગના મંજુર પ્લાન મુજબનાં .... બિલ્ડીંગનાં .... વિંગમાં ....માળ ઉપર આવેલ **ફલેટ નં. ....** વાળી મિલકતનો **કાર્પેટ એરીયા .... ચો.ફુટ** છે (કાર્પેટ એરીયા એટલે એપાર્ટમેન્ટની બહારની દિવાલો, સર્વિસ શાફટસ, એકસકલુઝીવ બાલ્કની અથવા વરંડાનું ક્ષેત્રફળ અને ખુલ્લી ટેરેસનું ક્ષેત્રફળ બાદ કર્યા પછીનો એપાર્ટમેન્ટનો ચોખ્ખો વપરાશ પાત્ર વિસ્તાર, પરંતુ તેમાં એપાર્ટમેન્ટની અંદરની પાર્ટીશન દિવાલોનો વિસ્તાર તેમજ સ્ટ્રકચરલ મેમ્બર્સ, પ્લાસ્ટર કામ, સ્કર્ટીગ કે કોઈપણ પ્રકારના ફીનીશીગ કામોનો

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

સમાવેશ થાય છે) અને આ માપની પધ્ધતિ પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને સંપૂર્ણપણે સમજાવેલ છે અને બીજા પક્ષનાને તેને કબુલ, મંજુર રાખીને આ ફલેટ ખરીદ કરવાનું નકકી કરેલ છે જેથી કાર્પેટ એરીયા ગણવાની પધ્ધતિ અંગે બીજા પક્ષનાએ કોઈપણ જાતના વાદ–વિવાદ કરવા–કરાવવાના નથી અને કરે–કરાવે તો તે આ કરારની રૂએ રદબાતલ થાય સહી. મજકુર મિલકત તમો બીજા પક્ષનાએ ખરીદ કરવાનું નકકી કરેલ અને સદરહુ ફલેટ અમો પહેલા પક્ષનાએ આ વેચાણ દસ્તાવેજથી તમો બીજાને વેચાણ આપેલ છે જેનો આ વેચાણ દસ્તાવેજ તમોને આજરોજ કરી આપેલ છે.

(૩) તમો બીજા પક્ષનાની માંગણીથી અમો પહેલા પક્ષનાએ, મજકુર ફલેટના તથા તે તળેની જમીનને લગતા ટાઈટલ સંબંધીત હકક દર્શક તમામ દસ્તાવેજો તથા અમો પહેલા પક્ષનાના આર્કીટેકટ (એન્જીનીયર) વિજયભાઈ પારેખ તથા જગદીશભાઇ જાલન ડીઝાઈનર ધ્વારા તૈયાર કરવામાં આવેલા નકશા, આલેખનો અને વિગત વર્ણનો તેમજ રીયલ એસ્ટેટ (નિયમન અને વિકાસ) અધિનિયમ–૨૦૧૬ (હવે પછી અહીં જેનો ઉલ્લેખ ઉકત અધિનિયમ તરીકે કરવામાં આવ્યો છે) અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવ્યા મુજબના અન્ય દસ્તાવેજો બીજા પક્ષનાને તપાસવા માટે આપેલ છે અને બીજા પક્ષનાએ તે તપાસી લીધેલ છે અને બીજા પક્ષનાને તેનાથી સંતોષ થયો છે અને કબુલ મંજુર રાખેલ છે. અમો પહેલા પક્ષનાના ધ્વારા આયોજીત ઉકત પરિયોજના પર મકાનનું બાંધકામ જે મુજબ બાંધવામાં આવેલ છે અને જે મુજબ ખુલ્લી જગ્યાઓ પુરી પાડવાનું આયોજન કરેલ છે તે નકશા અને લે–આઉટની અધિકૃત નકલો પણ તમો બીજા પક્ષનાએ તપાસી લીધેલ અને અમો પહેલા પક્ષના ધ્વારા સ્થળે તે મુજબનું જ બાંધકામ કરવામાં આવેલ છે તે પણ તમો બીજા પક્ષનાએ તપાસી લીધેલ છે અને તમોને તેનાથી સંતોષ થયેલ છે અને તે તમોએ કબુલ, મંજુર રાખેલ છે.

(૪) અમો પહેલા પક્ષનાના વકીલ ધ્વારા ઈશ્યુ કરવામાં આવેલા હકક પ્રમાણપત્ર (સર્ટીફીકેટ ઓફ ટાઈટલ) ની અધિકૃત નકલો, એપાર્ટમેન્ટસનું બાંધકામ જેના ઉપર કરવામાં આવેલ છે તે પ્રોજેકટની જમીન પરના અમો પહેલા પક્ષનાના હકકનો પ્રકાર દર્શાવતા હકક પત્રક અથવા ૭/૧૨ ના ઉતારા, પત્રક–૬ નો ઉતારો અથવા અન્ય સંબંધીત મહેસુલી રેકર્ડની અધિકૃત નકલો પણ બીજા પક્ષનાએ તપાસી છે અને તેનાથી બીજા પક્ષનાને સંતોષ થયો છે તેમજ સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરવામાં આવેલ તમામ નકશા અને લે–આઉટની અધિકૃત નકલો પણ તમો બીજા પક્ષનાએ તપાસી છે તથા તમોને સંતોષ થયેલ છે.

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

(૫) સદરહુ જમીનનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૫૫૬૩.૦૦ સ.ચો.મી. ચાલી આવેલ છે. સદરહુ જમીનને ટી.પી.સ્કીમ લાગુ થતા સદરહુ જમીન **ટી.પી.સ્કીમ નં. ૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉતરાણ)**, ઓરીજીનલ પ્લોટ નં. ૨૬૭, ફા. પ્લોટ નંબરઃ **૨૬૬** ફાળવવામાં આવેલ, તે ફાયનલ પ્લોટવાળી ૫૦૬૩ ચો.મી. જગ્યામાં સુરત મહાનગરપાલિકાએ પ્લાન મંજુર કરેલ છે. તો ઉપરોકત ક્ષેત્રફળ સિવાય વધારાની કોઈ જગ્યા ટી.પી.સ્કીમમાં પ્રાપ્ત થાય તો તે મેળવવા સંપૂર્ણ હકક પહેલા પક્ષનાનો છે સહી.

(૬) મજકુર **"માધવ વિલા"** નામના પ્રોજેકટનું આજદિને જેટલી એફ.એસ.આઈ મળેલ છે તે પ્રમાણે આયોજન કરેલ છે. જેમાં બીજા પક્ષનાને વેચાણ આપેલ ફલેટ/યુનિટનો સમાવેશ થઈ ગયેલ છે. ભવિષ્યમાં કાયદાકીય ફેરફાર થાય અને વેચનારે યાને કે પહેલા પક્ષનાને ટી.ડી.આર ઘ્વારા કે અન્ય કોઈ રીતે કે અન્ય કોઈ કાયદાકીય રીતે વધારાની એફ.એસ.આઈ. મળવાપાત્ર થાય અને વધારાના માળ (**FLOORS**) તરીકે મળવાપાત્ર બને તો તે વધારાની સંપૂર્ણ એફ.એસ.આઈ. પહેલા પક્ષના પ્રોજેકટના કોઈ પણ બિલ્ડીંગમાં કે અન્ય જગ્યાએ વાપરી શકશે તેવા સંજોગોમાં અને આવી વધારાની **"માધવ વિલા"** નામના પ્રોજેકટની પુરેપુરી એફ.એસ. આઈ. ની સંપૂર્ણ માલીકી પહેલા પક્ષનાની રહેશે તેવી સ્પષ્ટ સમજણ અમો પહેલા પક્ષનાએ તમો બીજા પક્ષનાને આપેલ છે આવી વધારાની એફ.એસ.આઈ.નું બાંધકામ સદરહું પ્રોજેકટમાં કે બિલ્ડીગ ની ઉપર થવાનું છે જેની સંપૂર્ણ માલીકી અમો પહેલા પક્ષનાની રહેશે તે સાથે સંમત થઈને તમો બીજા પક્ષનાએ સદરહું ફલેટ/યુનીટ ખરીદ કરેલ છે. આથી ભવિષ્યમાં બીજા પક્ષનાનો કોઈપણ પ્રકારનો વાંધો ચાલશે નહી અને જો કોઈ વાંધા લેવામાં આવે તો આ કરારથી રદ થાય.

(૭) નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ ફલેટ અમો પહેલા પક્ષનાના માલીકીપણા અને કબજા, ભોગવટામાંથી કાઢી તેનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો પહેલા પક્ષનાએ, તમો બીજા પક્ષનાને સુપ્રત કરી દીધેલ છે અને તમો બીજા પક્ષનાએ મજકુર ફલેટનો અમો પહેલા પક્ષના પાસેથી રાજીખુશીથી સ્થળ ઉપર શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સ્વીકારેલ છે.

(૮) સદરહુ મિલકત અંગે બી.યુ.સી આવ્યા બાદથી ૫ વર્ષના સમયગાળા દરમિયાન, ફલેટમાં અથવા **"માધવ વિલા"** નામના પ્રોજેકટમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા અંગેની કોઈ ખામી તમો બીજા પક્ષના, અમો પહેલા પક્ષનાના ઘ્યાને

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

લાવો, અને તે ખામી તમો બીજા પક્ષનાના કારણે ઉત્પન્ન થયેલ ન હોય તો તેવી ખામી અમો પહેલા પક્ષનાએ શકય હોય ત્યાં સુધી દુર કરી આપવાની રહેશે અને આવી ખામી દુર કરવાનુ શકય ન હોય તો બીજા પક્ષના આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓને આધીન ખામી માટેનું વળતર મેળવવા હકકદાર રહેશે. પરંતુ આવી ખામીઓ માટે પહેલા પક્ષનાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા તો આવી ખામીઓ માટેનું કારણ પહેલા પક્ષનાના નિયંત્રણ બહાર હોય, એવી કોઈપણ માળખાગત ખામી, કારીગરી અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી માટે તથા બીજા પક્ષના કે તેના થકીના કોઈપણ ઈસમ ધ્વારા ઉત્પન્ન થયેલ ખામી માટે તથા તમો બીજા પક્ષના કે તમો થકી અન્ય કોઈપણ ઈસમ ધ્વારા બદઈરાદે કરાયેલ ખોટી ફરીયાદના કારણે પહેલા પક્ષના બીજા પક્ષનાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહીં કે આવી ખામી પોતાના ખર્ચે દુર કરવા પહેલા પક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહીં તેમજ નિયંત્રણ બહારની સ્ટ્રકચરલ ખામી તથા વર્કમેનશીપને કારણે ઉભી થયેલ ખામી તથા સેવાઓની ગુણવત્તા તથા એગ્રીમેન્ટમાં દર્શાવેલ સેવાઓમાં ઉત્પન્ન થયેલી ખામી વિગેરે પ્રમોટરના કારણે ઉભી થયેલ છે તેવુ નીચે જણોવલ બાબતોમાં ગણાશે નહીં.

I) બીજા પક્ષનાએ સદરહુ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત તથા તેને લગતા તમામ કામો જેવા કે ચણતર, પ્લાસ્ટર, આર.સી.સી., કામ, પ્લમ્બીંગ કામ, ફલોરીંગ કામ, રેલીગનું કામ, ટાઈલ્સ કામ, ઈલેકટ્રીકલ કામ, સેનેટરી કામ, ડ્રેનેજ કામ, લીફટો તથા તેની કંપની, બેકઅપ ઈલેકટ્રીસીટી સપ્લાયનું કામ, તમામ દિવાલોનું કામ, ફાયર ફાયટીગ સીસ્ટમનું કામ, તમામ ટાઇલ્સ ડેડો, બાથરૂમના કામ, તથા જરૂરી જગ્યાએ આપવામાં આવેલ ઢાળનું કામ વિગેરે તમામ કામોની ચકાસણી તમો બીજા પક્ષનાએ જાતે તથા જે તે બાબતના નિષ્ણાંત જાણકારી ધરાવનારા ઈસમો ધ્વારા કરી–કરાવી લીધેલ છે અને તે તમામ કામની ગુણવત્તા, તમામ કામનું લાઈન લેવલ, કારીગરી, તથા તે તમામ કામો કરવા માટે વાપરવામા આવેલ તમામ જરૂરી સાધન–સામગ્રીની કવોલીટી તથા તેની વિગેરે તમામની ચકાસણી તમો બીજા પક્ષનાએ કરી–કરાવી લીધેલ છે અને તે તમામથી બીજા પક્ષનાને સંપૂર્ણપણે સંતોષ થયેલો છે અને તમામ બાબતો, કબુલ, મંજુર રાખેલ છે. તમામ કામો યોગ્ય હોવાનુ જણાય બાદ જ બીજા પક્ષનાએ આ વેચાણ દસ્તાવેજમાં સહી મત્તા કરેલ છે.

II) બીજા પક્ષનાને વેચાણ આપેલ સદરહુ મિલકત તથા તેને લગતી કોમન એમીનીટીઝની તમામ બાબતોની જાળવણી તમો બીજા પક્ષનાએ સારામાં સારી રીતે કરવાની રહેશે

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

તેમજ જરૂરી એન્યુઅલ મેઈન્ટેનસ કોન્ટ્રાકટ આપી સમયે–સમયે જાળવણી મરામત કરાવવાની રહેશે અને બીજા પક્ષકારની સદરહુ કામો/ ચીજોની યોગ્ય જાળવણી ન કરવાને કારણે અથવા ખોટી રીતે જાળવણી કરવાના કારણે અથવા તમો બીજા પક્ષના ધ્વારા સદરહુ કામોને નુકશાન થાય તેવી રીતે અન્ય કાર્યો કરવાથી નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત કે તેના કોઈપણ ભાગને કે કોમન સુવિધાઓને નુકશાન થાય તો તે અંગે અમો પ્રથમ પક્ષકારની કોઈપણ જવાબદારી રહેશે નહીં. આ અંગે વધુમાં નીચે મુજબની ચોખવટ કરવામાં આવે છે.

A. સંબંધીત સ્થાનિક સત્તા મંડળ અથવા સુરત શહેરી વિકાસ સત્તા મંડળના નિયમો, સોસાયટીના નિયમો, પેટા નિયમ અને વિનિયમો વિરૂધ્ધ હોય તેવુ કોઈ કૃત્ય તથા તોડફોડનું કોઈ કૃત્ય બીજા પક્ષનાએ મજકુર **"માધવ વિલા"** નામના પ્રોજેકટમાં કરવા–કરાવવાનું નથી. બીજા પક્ષના ધ્વારા ઉપરોકત જણાવેલ જોગવાઈનું ભંગ થાય એવુ કોઈપણ કૃત્ય કરવામાં આવશે તો તેના પરિણામો ભોગવવા માટે માત્ર બીજા પક્ષના જવાબદાર બનશો અને આવા સંજોગોમાં પહેલા પક્ષના સામે ડીફેકટ લાયબીલીટીઝ અંગેનો કોઈપણ કલેઈમ કરવાના બીજા પક્ષનાના હકકો સંપૂર્ણપણે જતા રહેશે. બીજા પક્ષના દ્વારા બિલ્ડીગના સ્ટ્રકચરને નુકશાન થાય તે રીતે તોડફોડ કરી કોઈપણ પ્રકારના આંતરિક ફેરફારો તેમજ બાહય એલીવેશનમાં ફેરફાર થાય તેવી રીતના કોઈપણ ફેરફાર, તોડફોડ કે વધારાનાં બાંધકામ કરવા કરાવવાના નથી. મજકુર બિલ્ડીગના પેસેજો, માર્જીન, પાર્કિંગ, ટેરેસ, કે અન્ય કોઈ ખુલ્લી જગ્યામાં કોઈપણ પ્રકારનો વધારાનો માલ સામાન, ભંગાર,ખાટલા–ગાદલા ગોદડા, પાઈપો, પૂઠાંના બોકસ, કુંડા વિગેરે મુકવાના નથી.

B. ટુંકમાં, અમો પહેલા પક્ષનાએ સદરહુ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ ફલેટમાં જરૂરીયાત મુજબના તમામ કામો સંપૂર્ણ રીતે પરિપુર્ણ કરી આપેલ છે. તેમજ કરેલા તમામ કામોની ગુણવત્તા તદન સારી છે તેમજ કરેલા તમામ કામોમાં વપરાશમાં લીધેલ તમામ ચીજવસ્તુઓની ગુણવત્તા તથા વર્કમેનશીપથી તથા સ્ટ્રકચરલ મજબુતાઈથી તમો બીજા પક્ષના સંપૂર્ણપણે સંતુષ્ટ છો.

૯. અકસ્માત સમયે અગ્નિશમન દળની ગાડીઓ, પાણીના બંધાની ગાડીઓ, એમ્બ્યુલન્સ વિગેરે બિલ્ડીગના દરેક બાજુ સુધી સહેલાઈથી પહોંચી શકે તે રીતેની વ્યવસ્થા રૂપે રોડ તથા રેમ્પ વિગેરે અમો પહેલા પક્ષનાએ બનાવી આપેલ છે. તથા આગ વખતે જનરેટર ચાલુ રહે તથા દરેક માળે પેસેજમાં એક લાઈટ ચાલુ રહે તે રીતેનું વાયરીગ કાયદા

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

મુજબ અલગથી કરી આપેલ છે તથા પાણીના ટાંકાઓ બનાવી આપેલ છે અને અન્ય તમામ કાયદા મુજબની ફાયર ફાઈટીગ સીસ્ટમ બિલ્ડીગમાં કરી આપેલ છે. જેથી ફાયર ફાઈટીગ સીસ્ટમમાં તથા રોડ તથા રેમ્પમાં તમો ખરીદનારએ કે સોસાયટીએ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી કે તોડફોડ કરવાની નથી અને હરહંમેશ ખુલ્લા રાખવાના છે ને જો તોડફોડ કરશો કરાવશો અને અકસ્માત સમયે અગ્નિશનમ દળની ગાડીઓ, પાણીના બંધાની ગાડીઓ, એમ્બ્યુલન્સ વિગેરેને અકસ્માત સ્થળે પહોંચવામાં કોઈપણ પ્રકારની અગવડતા ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારીઓ તમો ખરીદનારની તથા સોસાયટીની રહેશે તેમજ વધારાની સુરક્ષા માટે દરેક ફલેટ માલીકોએ ફરજીયાત પોત–પોતાની ફલેટમાં એક એબીસી અને સીઓટુના બાટલા ફાયર સેફટી માટે રાખવાના છે તેમજ અન્ય ફાયર સેફટીના સાધનો પણ રાખવાના રહેશે સહી.

કુદરતી અકસ્માત ગમે ત્યારે થતો હોય, તમો પહેલા પક્ષનાએ તથા બિલ્ડીગના અન્ય સભ્યોએ ભેગા મળી ફાયર પ્રોટેકશન માટે અંડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકી તથા પુરેપુરી ફાયર ફાઈટીગ સીસ્ટમ તથા તેના પંપ તથા જનરેટર હંમેશા ચાલુ હાલતમા રહે તે રીતે મેઈન્ટેઈન કરવાના રહેશે અને જો ફાયર ફાઈટીગનું ઉપરોકત રીતે જણાવ્યા મુજબનું મેઈન્ટેનન્સ ન થાય અને કોઈ અકસ્માત સર્જાય તો તેમાં અમો પહેલા પક્ષનાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. જે બાબત અત્યંત ગંભીરપણે ધ્યાને લેવાની રહેશે.

(૧૦) તમોને વેચાણ આપેલ દરહુ ફલેટની અંદરના તથા બહારના તમામ કામો તથા સગવડતાઓ તમો ખરીદનારે તપાસી લીધા બાદ સદરહુ મિલકતનો કબજો અમો પહેલા પક્ષના કનેથી સ્વીકારેલ છે અને તેમાં અમો વેચાણ આપનારાઓએ કરેલ નજીવા ફેરફાર જેવા કે રોડ, ગાર્ડન તથા અન્ય સુવિધાઓના સ્થળમાં જરૂરીયાત મુજબના ફેરફાર તમો ખરીદનાર યાને બીજા પક્ષનાને સમજાવેલ છે. જેથી ફેરફાર બાબતે પણ તમો ખરીદનારા સંમત થયા છો અને ખુશી વ્યકત કરી કબુલ, મંજુર રાખેલ છે. આમ તમો ખરીદનારે સમજી, વિચારી, સંમત થઈ અને ત્યારબાદ જ ફલેટ ખરીદ કરેલ છે અને તેનો કબજો સ્વીકારેલ છે. આમ તમો ખરીદનારાએ ફલેટના તથા કોમન સુવિધાઓના માપ બાબતે કે અન્ય કોઈપણ બાબતે ભવિષ્યમાં વાંધા–વિરોધ કે દરદાવો કરવાના નથી તે શરતે આ મિલકત તમોએ ખરીદ કરેલ છે. તેમ છતાં ભવિષ્યમાં વાંધા, વચકા, દર–દાવા કે કોર્ટ કેસ તમો ખરીદનાર કરો–કરાવો તો તે તમામ આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી.

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

(૧૧) સદરહુ મિલકત જે બિલ્ડીગમાં આવેલ છે તે બિલ્ડીગમાં આવેલ તમો બીજા પક્ષનાને વેચાણ આપેલ ફલેટ તથા તેના ટોયલેટ સાથે બનાવી આપેલ છે અને ફલેટને પહેલા પક્ષનાએ જે સ્થિતિમાં આપેલ છે તે જ સ્થિતિમાં જાળવી રાખવાની રહેશે. ઉપરાંત તમામ કોમન સુવિધાઓ બનાવી આપેલ છે અને તે તમામ સહીત આખા બિલ્ડીગની જાળવણી તથા મરામત તમોએ કરવાની રહેશે તે ઉપરાંત **"માધવ વિલા"** બિલ્ડીગની અન્ય સહીયારી સગવડતાઓ જેવી કે મેઈન એન્ટ્રી ગેટ તથા સીકયુરીટીઝ કેબીન, કમ્પાઉન્ડ વોલ, કોમન લાઈટો, પાર્કિંગ, દાદર, પેસેજ, લીફટ, જનરેટર, બોરવેલ, અન્ડરગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકી તથા ફાયર ફાઈટીંગ સીસ્ટમ, એવીએશન લાઈટ, અન્ય તમામ કોમન સુવિધાઓ વિગેરે અમો વેચાણ આપનારે તૈયાર કરી આપેલ છે તે તમામની વપરાશ તથા તેની જાળવણી તથા મરામત **"માધવ વિલા"** બિલ્ડીગની તમામ ફલેટ હોલ્ડરોએ સાથે મળીને કરવાની રહેશે મજકુર **"માધવ વિલા"** બિલ્ડીગના ઉપરોકત તમામ કોમન ફેસીલીટીઝના મેઈન્ટેનન્સ, રીપેરીગ ખર્ચ, વિજળી વપરાશના બીલો, રોડ રસ્તા તથા કોમન જગ્યાની સાફસફાઈ ખર્ચ, બિલ્ડીગને તથા કોમન સુવિધાઓને લગતા સુરત મહાનગરપાલિકાના કોમન વેરા, વિગેરે તથા અન્ય તમામ ખર્ચાઓ ચાર્જીસ વિગેરે તમોએ તથા **"માધવ વિલા"** બિલ્ડીગના સભ્યો, કબજેદારો તથા ફલેટ માલીકોએ ફાળે પડતો ચુકવવાનો/ ભોગવવાનો રહેશે સહી. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો સોસાયટીના વહીવટકર્તા/ એજન્સી, તમો સામે કાયદેસરની કાર્યવાહી કરી શકશે સહી તથા તમારા ફલેટના લાઈટ, પાણી, ડ્રેનેજ વિગેરે કનેકશનો કાપી શકશે સહી. સદરહુ શરતને તમો ખરીદનારાએ રાજીખુશીથી સ્વીકારેલ છે અને આ વેચાણ દસ્તાવેજમાં સહી કરેલ છે.

લીફટ લાયસન્સ તથા ફાયર એન.ઓ.સી. દર વર્ષે રીન્યુ કરાવવાના હોય છે એવીએશન લાઈટ ૨૪ કલાક ચાલુ રાખવાની હોય છે. તેમ છતાં કાયદાની જાણકારી મેળવી કાયદા મુજબ ઉપરોક લાયસન્સો જે તે સમયે રીન્યુ કરાવવાની જવાબદારી તમો ખરીદનારની તથા સોસાયટીના સભ્યોની સંયુકત રીતે છે અને રહેશે. ઉપરાંત સદરહુ મિલકતની મજબુતાઈથી ચકાસણી સમયાંતરે કરવાની હોય છે અને તે અંગે દર પાંચ વર્ષે સુરત મહાનગરપાલિકા/ સુરત મહાનગરપાલીકા કચેરીમાં ફોર્મ નં. ૧૧ ભરીને જમા કરાવવાનુ હોય છે જે ફોર્મ ભરીને જમા કરાવવાની ખર્ચ સહીતની જવાબદારી તમો બીજા પક્ષનાની તથા સોસાયટીના સભ્યોની સંયુકત છે અને રહેશે સહી. આમ ધારાધોરણ મુજબના ઈમારતની મજબુતાઈને લગતા તમામ પ્રકારના ટેસ્ટીંગ કરાવવાની કે તેના ફોર્મ/ પત્રકો જે તે કચેરીમાં રજુ કરવાની કે તમામ પ્રકારની

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

પરવાનગીઓ સમયાંતરે રીન્યુ કરાવવાની ખર્ચ સહીતની તમામ જવાબદારી તમો બીજા પક્ષનાની છે અને રહેશે સહી. ઉપરાંત અમો પહેલા પક્ષનાએ તમામ બિલ્ડીંગની ઉપર એવીએશન લાઈટ મુકેલ છે તેને હરહંમેશને માટે ચાલુ હાલતમા રાખવાની છે તે અંગે પણ આપણે બંને પક્ષનાઓ વચ્ચે ખાસ ચોખવટ કરવામાં આવેલ છે.

(૧૨) વધુમાં તમો ખરીદનારા સાથે કાર/ મોટર સાયકલ પાર્કિંગ બાબતે પણ એવી ચોખવટ કરવામાં આવેલ છે કે પાર્કિંગમાં કોઈપણ સભ્યને એલોટેડ પાર્કિંગ આપેલ નથી. જેથી ભવિષ્યમાં એલોટેડ પાર્કિંગની માંગણી કરવાની નથી પાર્કિંગના કોઈપણ નાણાં અમો પહેલા પક્ષના ધ્વારા લેવામાં આવેલ નથી. તે તમો ખરીદનારાએ સંપૂર્ણપણે માન્ય રાખેલ છે જેથી ભવિષ્યમાં કાર પાર્કિંગની ફાળવણી બાબતે ખરીદનારાએ વેચનારા સામે કે અન્ય કોઈપણ સામે કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ રહેલ નથી અને ભવિષ્યમાં તમો બીજા પક્ષના તેવો કોઈ વાંધો–વિરોધ કરો તે તે તમામ આ દસ્તાવેજની રૂએ રદબાતલ થાય સહી. હાલ સ્થળે જે પાર્કિંગ આવેલ છે તે તમોએ જોઈ, તપાસી લીધેલ છે. જેથી કોઈપણ પ્રકારનું વધારાનું પાર્કિંગ અમો પહેલા પક્ષનાએ તમો બીજા પક્ષનાને વેચાણથી કે ફાળવણીથી આપવાનું કે ફાળવવાનું રહેતુ નથી. પાર્કિંગ બાબતે કેમ્પસમાં બીજા પક્ષનાની મુનસફી પ્રમાણે કાર/ ટુ વ્હિલર પાર્ક કરવાના નથી. પરંતુ સોસાયટીના મેમ્બરો નકકી કરે તે જગ્યાએ તે મુજબ જ ગાડીઓનું પાર્કિંગ કરવાનુ છે જે બાબતે તમો ખરીદનારા સંમત થયેલ છો અને ફલેટનો કબજો રાજીખુશીથી સ્વીકારેલ છે.

(૧૩) ટાઈટલ રીપોર્ટમાં જાહેર કરવામાં આવ્યા છે તે સિવાય પ્રોજેકટની જમીન અથવા પ્રોજેકટ પર આજની તારીખે અમો પહેલા પક્ષના સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હીત રહેલા નથી. ઉપરોકતં પ્રોજેકટની જમીન ઉપર અથવા પ્રોજેકટ ઉપર અન્ય કોઈ દાવો કોઈપણ કોર્ટમાં પેન્ડીંગ નથી. તેમજ પ્રોજેકટની જમીન તથા તેના સંપાદન અને પ્રોજેકટ અંગે પહેલા પક્ષનાને સરકાર તરફથી અથવા સુરત મહાનગરપાલીકાતરફથી અથવા કાયદા કાનુન, સરકારી વટ હુકમ, આદેશ, જાહેરનામા હેઠળ પહેલા પક્ષનાને કોઈ નોટીસ મળેલ નથી કે બજાવવામાં આવેલ નથી. આમ પહેલા પક્ષના આ વેચાણ દસ્તાવેજ કરવાનો સંપૂર્ણ હકક અને અધિકાર ધરાવે છે.

(૧૪) આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ ફલેટના તમો બીજા પક્ષના એકલા, સ્વતંત્ર અને સંપૂર્ણ માલીક, મુખત્યાર, કબજેદાર અને

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

વહીવટદાર બન્યા હોય, તેવા હકકની રૂએ સોસાયટીના નિયમોને આધીન રહીને મજકુર ફલેટનો માલીકી હકકે ઉપયોગ, ઉપભોગ, વહીવટ કરવા–કરાવવા તેમજ મજકુર ફલેટ વેચાણ, ગીરો, બક્ષીસથી કે ભાડેથી કે અન્ય કોઈપણ તબદીલીના દસ્તાવેજથી ફલેટના હેતુ માટે તબદીલ કરવા તેમજ મજકુર ફલેટ ઉપર લોન મેળવવા અને તે અંગેના દસ્તાવેજ કરી આપવા તથા સેટલમેન્ટ કરવા તથા અદલાબદલી કરવા અથવા લાયસન્સથી આપવા અથવા આવક–આમદની ઉપજાવવા પણ હકકદાર થયા છો ઉપરોકત દરેક કાર્ય ફલેટના હેતુ માટે જ કરી શકાશે સહી.

બીજા પક્ષના નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ ફલેટમાં એવો કોઈ સામાન રાખવાનો નથી કે જે જોખમી, જવલનશીલ અથવા ભયજનક ગણાતો હોય અથવા વજનમાં ભારે હોય કે જેનાથી ફલેટ જેમાં આવેલ છે તે **"માધવ વિલા"** ના બાંધકામ અથવા માળખાને કોઈ નુકશાન પહોંચે. ઉપરાંત એવો કોઈ સામાન રાખી શકાશે નહીં કે જે રાખવા સામે સંબંધિત સ્થાનિક અથવા સુરત શહેરી વિકાસ સત્તા મંડળને વાંધો હોય અને જેને લાવવા, લઈ જવામાં દાદર, કોમન પેસેજ અથવા **"માધવ વિલા"** ના માળખાને નુકશાન થવાની સંભાવના હોય, તેમ છતાં બીજા પક્ષના ધ્વારા આવી કોઈ કાર્યવાહી કરવામાં આવશે અને તેના કારણે મકાનને નુકશાન થશે તો બીજા પક્ષના તેવા નુકશાન ભરપાઈ કરવાના અને ભોગવવાના પાત્ર બનશે. તેમજ **"માધવ વિલા"** માં આવેલ તમામ કોમન પેસેજમાં કે પાર્કિંગમાં કોઈપણ સભ્યએ કોઈ સામાન મુકવાનો નથી તમામ પેસેજ જવા–આવવા માટે ખાલી રાખવાના છે.

(૧૫) કુદરતી આપત્તીઓ જેવી કે વરસાદના પુર, આગ, વાવાઝોડું, વિજળી પડવી વિગેરે તથા માનવસર્જીત આપત્તિઓ જેવી કે રમખાણો, તોફાનો, આતંકવાદ, આગ તથા વિગેરેને કારણે તથા તમારા કારણે બાંધકામને નુકશાન થાય કે કોઈપણ રીતે બિલ્ડીગમાં ક્ષતિ સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ફલેટ હોલ્ડરોની કે તમો **"માધવ વિલા"** ના તમામ ફલેટ હોલ્ડરોની રહેશે તથા તે અંગેની અમો પહેલા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી અને ગણાશે નહીં. તે બાબતની આપણે બંને પક્ષકારો વચ્ચે ખાસ ચોખવટ થયેલ છે અને તમો ખરીદનારાએ સંમતિ આપીને રાજીખુશીથી આ દસ્તાવેજનો લેખ કરાવેલ છે. ઉપરાંત તમો બીજા પક્ષનાએ તમોએ ખરીદેલ ફલેટનો વીમો તમો એકલાને પોતાના ખર્ચે ઉતારવાનો રહેશે અને તે વીમાનું પ્રીમીયમ તમો બીજા પક્ષનાએ પોતાની રીતે ભરપાઈ કરવાનુ રહેશે. જો તમો બીજા પક્ષના તમારા ફલેટનો વીમો ન ઉતારો કે વીમાનું પ્રીમીયમ ન ભરપાઈ કરો અને

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

ભવિષ્યમાં કોઈ નુકશાન થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી તમો બીજા પક્ષનાની છે અને રહેશે સહી.

(૧૬) બીજા પક્ષના ધ્વારા એવુ કોઈપણ કામ કરવા–કરાવવાનુ નથી કે એવી કોઈ પરમીશન આપવાની નથી કે જેનાથી **"માધવ વિલા"** ની જમીન કે તેના બિલ્ડીગને કે તેમાં આવેલ ફલેટના કોઈ ભાગને લગતા કોઈપણ વીમા ને રદ અથવા રદ થવાને પાત્ર ઠરાવે અને જેનાથી વીમાના સંદર્ભમાં વધારે પ્રિમીયમ ચુકવવાને પાત્ર બને તેવુ કોઈ કામ બીજા પક્ષનાએ કરવા–કરાવવાનુ નથી ને જો આવુ કોઈ કૃત્ય બીજા પક્ષના કરશે તો ખર્ચ સહિતની સંપૂર્ણ જવાબદારી બીજા પક્ષનાની રહેશે. તેમજ બીજા પક્ષનાએ ફલેટમાંથી કમ્પાઉન્ડમાં અથવા પરીયોજનાની જમીનના કોઈપણ ભાગ પર અને**"માધવ વિલા"** માં કોઈ કચરો, ગંદકી, ચીથરા અથવા એવી નકામી ચીજવસ્તુઓ ફેંકવાની નથી કે જેથી કરીને**"માધવ વિલા"** ના અન્ય સભ્યોને અગવડતા ઉપસ્થિત થાય તેમજ પેસેજમાં કે પાર્કિંગમાં કોઈપણ પ્રકારનો માલસામાન મુકવાનો નથી.

(૧૭) સદરહુ મિલકતનો ઉપયોગ તમોએ ફકત ફલેટ ના હેતુ માટે જ સોસાયટીના નિયમોને આધીન રહીને કરવાનો રહેશે અને તે સિવાયનો અન્ય કોઈપણ પ્રકારનો ઉપયોગ તમોએ કરવાનો નથી. સદરહુ બિલ્ડીગની પેસેન્જર લીફટો .... ટન વજનની ક્ષમતાવાળી હોય, લીફટોમાં ટ્રોલીના વજન સહીત કુલ .... ટનથી વધારે વજન લઈ જવાનુ નથી. જો કોઈપણ સભ્ય .... ટન થી વધાર વજન પેસેન્જર લીફટમાં લઈ જશે અને તેના કારણે પેસેન્જર લીફટમાં કોઈપણ ક્ષતિ, હાની કે અકસ્માત થશે તો તે અંગેના ખર્ચ સહીતની સંપૂર્ણ જવાબદારી જે તે સભ્યોની રહેશે તેમાં અમો પહેલા પક્ષનાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૧૮) સદરહુ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ ફલેટ બીજા પક્ષનાના કબજામાં હોવા છતાં બિલ્ડીગના મેઈન્ટેનન્સ કામે જરૂર જણાય તો પહેલા પક્ષનાન અથવા સોસાયટીને તેમના સર્વેયરો / કારીગરો સાથે કોઈપણ યોગ્ય સમયે મેઈન્ટેનન્સ કામ કરવા માટે પ્રવેશ કરવા દેવાનો રહેશે.

(૧૯) સદરહુ **"માધવ વિલા"** ના તમામ સભ્યોની વધુ સુખાકારી માટે અમો પહેલા પક્ષનાએ પાર્કિંગ સહીતની જે કાંઈપણ કોમન સુવિધાઓ બનાવી આપેલ છે અન તે તમોને ફ્રી ઓફ કોસ્ટ આપેલ છે. પ્લાનીગની જરૂરીયાત મુજબ તેમજ તમામ સભ્યોની વધુ સુખાકારી માટે કોમન એમીનીટીઝના સ્થળમાં નજીવો ફેરફાર કરેલ છે અને તેમ કરવા માટે તમો બીજા પક્ષનાની સંમતિ અમો પહેલા પક્ષનાએ મેળવેલ છે. કોમન સુવિધાઓ

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

પૈકીની કોઈપણ કોમન સુવિધાઓ સરકારી કે અર્ધરસકારી કચેરી ધ્વારા કે અન્ય કોઈપણ રીતે દુર કરવાનો બનાવ ઉપસ્થિત થાય તો તે અંગે અમો પહેલા પક્ષનાની કોઈપણ પ્રકારની જવાબદારી નથી અને તેવા સંજોગોમાં કોમન સુવિધાઓની માંગણી પણ તમો બીજા પક્ષનાએ અમો કનેથી કરવા–કરાવવાની નથી તેમજ તેવી કોમન સુવિધાને બદલે કોઈપણ પ્રકારનું નાણાંકીય વળતર તમોએ અમો પહેલા પક્ષના પાસે માંગવાનુ નથી. કારણકે અમો પહેલા પક્ષખનાએ કોમન સુવિધાઓનો કોઈ વેચાણ અવેજ તમો બીજા પક્ષના કનેથી સ્વીકારેલ નથી. તેવી સ્પષ્ટ સમજણ તમો બીજા પક્ષનાને આપેલ છે અને તે તમોએ કબુલ, મંજુર રાખીને મજકુર વેચાણ દસ્તાવેજમાં સહીઓ કરેલ છે અને સદરહુ મિલકતનો કબજો રાજીખુશીથી સમજી, વિચારી તમોએ સ્વીકાર કરેલ છે.

(૨૦) આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરિશિષ્ટમા દર્શાવેલ ફલેટવાળી મિલકત સરકારી, અધસરકારી, સુરત સીટી સર્વે કચેરી, ગ્રામ પંચાયત કે સુરત મહાનગરપાલિકા તેમજ દક્ષિણ ગુજરાત વીજ કું./ ટોરેન્ટ પાવર વિગેરેમાં જયાં જયાં અમો પહેલા પક્ષનાનું નામ માલક, કબજેદાર તરીકે ચાલી આવેલ હોય તે તમામમાંથી અમો પહેલા પક્ષનાના નામેથી માલીક, કબજેદાર તરીકે કમી કરી–કરાવી તમો બીજા પક્ષનાનું નામ માલીક, કબજેદાર તરીકે દાખલ કરી–કરાવી શકશો સહી અને તે અંગે જરૂરી સહી, સંમતિ, જવાબ વિગેરે અમો પહેલા પક્ષનાએ જે તે કચેરીમાં આપવા સહી અને તેવી સહી, સંમતિ, જવાબ વિગેરે આ વેચાણ દસ્તાવેજના લેખથી ગણી લેવાના છે સહી. ઉપરાંત સદરહુ બિલ્ડીગને ખાનગી રાહે જે નામ આપવામાં આવેલ છે તે નામમાં યાને કે **"માધવ વિલા"** નામમાં તમો પહેલા પક્ષનાએ કોઈપણ જાતનો સુધારો વધારો કરવાનો નથી કે નામ બદલાવવાનુ નથી.

(૨૧) ઉપરોકત જણાવેલ કુલ કિંમતમાં ફલેટનો કબજો સોંપવામાં આવે તે તારીખ સુધીનું યાને કે આજદિન સુધીનું જમીન મહેસુલ પહેલા પક્ષનાએ ભરી દીધેલ છે અને તે સિવાયના તમામ કરવેરા જેવા કે મ્યુનીસીપલ વેરાઓ, જીએસટી, સેસ, બાંધકામ કરવા માટે ભરપાઈ કરેલા એફ.એસ.આઈ. ના નાણાં, આઈ.સી. ના નાણાં, બેટરમેન્ટ ચાર્જીસ તથા ડ્રેનેજ ચાર્જીસ, પાણી કનેકશન ચાર્જીસ, ડોકયુમેન્ટ ચાર્જીસમાં, સ્ટેમ્પ ડયુટી, રજી. ફી, વકીલ ફી, લીગલ ફાઈલ ચાર્જ, સોસાયટી ફોર્મેશન ચાર્જ, સોસાયટી ઈન્ફ્રાસ્ટ્રકચર ચાર્જીસ, ઈલેકટ્રીક કનેકશનના તમામ ચાર્જીસ જેવા કે કવોટેશન, ટ્રાન્સફોર્મર, કેબલ તથા ઈલેકટ્રીક કોન્ટ્રાકટર વિગેરેના ચાર્જીસ તથા અન્ય વેરાઓ વિગેરેનો સમાવેશ થયેલ નથી. જેથી તેવા તમામ વેરાઓ તથા ચાર્જીસ તથા

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

ઉપર જણાવેલ તમામ ખર્ચાઓ બીજા પક્ષનાએ પહેલા પક્ષનાને ચુકવી આપેલ છે અને તેમ છતાં કોઈ બાકી નીકળી આવે તો તે બીજા પક્ષનાએ પહેલા પક્ષનાને ચુકવવાના રહેશે સહી. સદરહુ મિલકત અંગેના આ વેચાણ દસ્તાવેજના તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઈપીંગ ચાર્જ વિગેરે તમો વેચાણ રાખનારે ભોગવેલ છે.

(૨૨) તમોને વેચાણ આપેલી નીચે દર્શાવેલી મિલકતની યોગ્ય અને વ્યાજબી બજારકિંમત રૂા. ..../– પુરા છે, આથી આ વેચાણ દસ્તાવેજ જરૂરી રૂા. ..../– પુરાના જનરલ સ્ટેમ્પ ઉપર કર્યો છે. આમ છતાં ભવિષ્યમાં સદરહુ ડયુટી અંગે કોઈપણ ત્રુટી માલુમ પડે અને જો કોઈ વખત ખુટતી સ્ટામ્પ ડયુટી ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી તમો વેચાણ રાખનાર બીજા પક્ષનાની છે.

–: વેચાણ આપેલ મિલકતની વિગત :–

સુરત ડિસ્ટ્રીકટ, અડાજણ સબ-ડિસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે **કોસાડ**ના રે.સર્વે નંબર : ૫૫૦/૩+૪+૫+૬, બ્લોક નં.: ૯૭૪/પૈકી ૧ થી નોંધાયેલી બીનખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ ૫૫૬૩.૦૦ ચો.મી. છે. જે જમીનનો **ટી.પી.સ્કીમ નં. ૭૦(છાપરાભાઠા-અમરોલી-કોસાડ-ઉતરાણ)** માં સમાવેશ થતાં **એફ.પી.નં. ૨૬૬** ફાળવી, ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૫૦૬૩ ચો.મી. ફાળવવામાં આવેલ છે. તે બીનખેતીની જમીનમાં આયોજીત **''માધવ વિલા''** નામની પ્રયોજનામાં મંજુર પ્લાન મુજબનાં .... બિલ્ડીંગનાં .... વિંગમાં .... **માળ** ઉપર આવેલ **ફલેટ નં. ....** વાળી મિલકત કે જેનું કાર્પેટ ક્ષેત્રફળ .... ચો.ફુટ યાને .... ચો.મી. છે યાને જેનું **બીલ્ટઅપ ક્ષેત્રફળ** .... ચો.ફુટ યાને **........ ચો.મી.** છે. તે ફલેટવાળી મિલકત તથા ઈમારતની તળની જમીનમાં ફાળે પડતી વણ-વહેંચાયેલા અવિભાજય હિસ્સાની જમીન જણાવેલ શરતોને આધીન તથા રાસુકી સગવડો સહિતની મિલકત.

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો પહેલા પક્ષનાઓએ તન–મન અને મગજની સંપૂર્ણ સાવધ, તંદુરસ્ત અને બિનકેફ અવસ્થામાં કોઈના કોઈપણ પ્રકારના દાબ–દબાણ, ધાક–ધમકી અને પ્રલોભન વગર રાજીખુશીથી તથા અકકલ–હોંશિયારીમાં વાંચી, વંચાવી, સાંભળી–સમજી વિચારીને સાક્ષીઓની રૂબરૂમાં સહી કરી લખી આપ્યો છે. જે અમો પહેલા પક્ષનાને તેમજ અમારા

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.

વંશ–વાલી–વારસો, એસાઈનીઓ, એટોર્નીઝ, એડમીનીસ્ટ્રેટર્સ, એકઝીકયુટર્સ, ઈત્યાદી તમામને કબુલ, મંજુર તથા બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે .... મતુ   તત્રે ....શાખ

બીજા પક્ષનાની સહી :–

સાક્ષીઓની સહી :–

....

....

પહેલા પક્ષનાની સહી :–

....

મે. કલ્પ કોર્પોરેશન-એક ભાગીદારી પેઢી
તરફે અને વતી વહીવટકર્તા ભાગીદાર :-

....
(જીતુભાઈ નથુભાઈ વાઘાણી)

દસ્તાવેજનો પ્રકાર	ફલેટ નંબર	બિલ્ડીગનું નામ	કાર્પેટ ક્ષેત્રફળ	બ્લોક નંબર	ટી.પી.સ્કીમ નંબર	ફા. પ્લોટ નંબર	ગામ/તાલુકો	જીલ્લો
વેચાણ		માધવ વિલા		૯૭૪/પૈકી ૧	૭૦	૨૬૬	કોસાડ/અડાજણ	સુરત.